આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કૃપાલી મહીચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૪-૦૩-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## PM-સૂરજ પોર્ટલ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે વર્ચ્યુઅલી સમગ્ર દેશમાં "સામાજિક ઉત્થાન તથા રોજગારલક્ષી લોક કલ્યાણ વેબ પોર્ટલ- એટલે કે પીએમ સૂરજ પોર્ટલ નો શુભારંભ કરાવ્યો હતો.

દેશના 522 જેટલા જિલ્લાઓ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. કાર્યક્રમનો ઉદ્દેશ સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગને મુખ્ય ધારામાં લાવવાનો અને તેમને વિવિધ સરકારી યોજનાઓ થકી લાભાન્વિત કરવાનો છે.

પ્રધાનમંત્રીએ વિડિયો કોન્ફરન્સ દ્વારા અનુસૂચિત જાતિ, પછાત વર્ગ અને સફાઈ કામદારો સહિત સીમાંત જૂથોને લાભ આપતી વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે પણ વાતચીત કરી હતી.

આ શ્રેણીમાં ગઈકાલે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જે-તે મંત્રીઓ દ્વારા જિલ્લાકક્ષાના કાર્યક્રમ યોજાયા હતા

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------

## બીજેપી યાદી

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા ચૂંટણી માટે ગઈકાલે બીજી યાદીમાં 72 ઉમેદવારોનાં નામો જાહેર કર્યા છે. ગુજરાતની બાકી રહેતી 11 બેઠકો પૈકી 7 બેઠકો પર નામ જાહેર કર્યા છે. અમદાવાદ પૂર્વની બેઠક માટે હસમુખ પટેલ અને વડોદરા બેઠક માટે રંજન બેન ભટ્ટને ફરી પસંદ કરાયા છે, જ્યારે સુરતના સંસદ સભ્ય અને રેલવે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશ તથા ભાવનગરનાં સાંસદ

ભારતીબેન શિયાળને પસંદ કરાયા નથી. અગાઉ પાર્ટીએ 15 બેઠકો પર નામો જાહેર કર્યા હતાં.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## ઈલેક્શન-કચ્છ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને મતદારો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય રીતે સહભાગી થાય, ચૂંટણી પ્રક્રિયા અંગે જરૂરી જાણકારી મેળવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કચ્છ કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જીલ્લાની ૩૧ જેટલી સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમો સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા. જિલ્લાની અગત્યની સંસ્થાઓને આવરી લઈને અસરકારક મતદાર જાગૃતિ માટે એમઓયુ કરવાનો કાર્યક્રમ કચ્છ કલેક્ટર કચેરી ખાતે યોજાયો હતો. ઔદ્યોગિક સંસ્થાઓ સહિત દિવ્યાંગો માટે કામ કરતી સંસ્થાઓ સાથે પણ એમઓયુ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લામાં આવેલા અગત્યના ઔદ્યોગિક એકમોની સાથે સંકળાયેલા કામદારો, શ્રમિકો ચૂંટણી વિષયક તથા મતદાર જાગૃતિ પ્રવૃત્તિઓમાં સહભાગી થાય તે હેતુથી એમઓયુ કરવાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

**(માહિતી ખાતુ)**

---

## પ્રસાર ભારતી-પોર્ટલ

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે ગઈકાલે નવી દિલ્હીમાં આકાશવાણી ન્યૂઝ અને ડીડી ન્યૂઝની સુધારેલી વેબસાઈટ લોન્ચ કરી હતી. તેમણે પ્રસાર ભારતી SHABD પોર્ટલ પણ લોન્ચ કર્યું હતું.

આ પ્રસંગે શ્રી ઠાકુરે જણાવ્યું હતું કે, છેલ્લા આઠ દાયકાઓથી આકાશવાણી માહિતીના પ્રસારણમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. પ્રસાર ભારતી હવે સમાચાર સંસ્થાઓને વિવિધ ભાષાઓમાં વીડિયો, ઓડિયો, ફોટા, લખાણ વગેરે સામગ્રી પ્રદાન કરવા માટે તૈયાર છે.

શ્રી ઠાકુરે ઉમેર્યું હતું કે, NewsonAir એપ સરકારી યોજનાઓ અને અન્ય સંબંધિત સમાચાર અને માહિતી મેળવવાનું એક ઉત્તમ સાધન છે.

**(RNU અમદાવાદ)**

---

# મફત વીજળી યોજના

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાનાં ઘરોમાં વીજળી વાપરતા ગ્રાહકોને ઊર્જા ઉત્પન્ન કરી વેચાણ કરવા માટે એક કરોડ ઘર માટે સબસિડી આપવાની જાહેરાત કરી હતી. કચ્છમાં ટુંકાગાળામાં 10 હજાર ગ્રાહકે નોંધણી કરાવી લીધી છે. ઘરવપરાશ માટે ત્રણ કિલોવોટથી 10 કિલોવોટ સુધી સબસિડી આપવામાં આવે છે. પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના (સૂર્યઘર મફત વીજળી યોજના)માં જોડાવવા ગ્રાહકોએ ઓનલાઇન પોર્ટલ પર નોંધણી કરાવવાની રહે છે. ઓનલાઇન રજિસ્ટ્રેશન થયા બાદ ગ્રાહકોને મેસેજ આવે છે અને તેમાં જ સોલાર પેનલની દર્શાવાયેલી એજન્સી નક્કી કરીને બતાવેલી રકમ વગેરેના કરાર એજન્સી સાથે થયા બાદ ગ્રાહકોના ખાતામાં સબસિડીની રકમ પરત જમા થાય છે.

**(NP/કૃપાલી મહીચ્છા)**

---

# વૈશ્વિક સત્તા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે એ દિવસ બહુ દૂર નથી જ્યારે ભારત સેમીકન્ડકટરના ઉત્પાદનમાં વૈશ્વિક સત્તા બની જશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે 'ઇન્ડિયાઝ ટેકેડઃ ચિપ્સ ફોર વિકસિત ભારત' કાર્યક્રમમાં વર્ચ્યુઅલી અંદાજે સવા લાખ કરોડ રૂપિયાની 3 સેમિકન્ડક્ટર સુવિધાઓનું ભૂમિપૂજન કરાવ્યું.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ ઉમેર્યું કે, મેડ ઇન ઇન્ડિયા અને ડિઝાઇન ઇન ઇન્ડિયા ચિપ્સ ભારતને આત્મ નિર્ભર અને આધુનિકીકરણ તરફ લઈ જવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, સેમિકન્ડક્ટરનાં સંશોધનથી યુવાનોને સૌથી વધુ લાભ થશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------